# Joint Press Release- 7th Round of India-Bangladesh Joint Consultative Commission

## ભારત-બાંગ્લાદેશ સંયુક્ત પરામર્શક કમિશનનાં 7માં રાઉન્ડનું સંયુક્ત પ્રેસ રીલીઝ

19 જૂન, 2022

નવી દિલ્હીમાં 19 જૂન, 2022 નાં રોજ ભારત-બાંગ્લાદેશ સંયુક્ત પરામર્શક કમિશન (JCC) નો સાતમો રાઉન્ડ યોજવામાં આવ્યો હતો. આ સંયુક્ત પરામર્શક કમિશનની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને બાંગ્લાદેશનાં વિદેશ મંત્રી ડૉ. એ. કે. અબ્દુલ મોમેન દ્વારા કરવામાં આવી હતી.

2. મંત્રીઓએ બાંગ્લાદેશનાં 1971 નાં મુક્તિ યુદ્ધનાં સંયુક્ત બલિદાનોમાંથી ઉભરેલ બન્ને પક્ષો વચ્ચેની હૂંફ યાદ કરી હતી, જેણે નિકટનાં અને મૈત્રીપૂર્ણ સંબંધો ઘડ્યા છે જે વ્યૂહાત્મક ભાગીદારીનો પરંપરાગત વિચારની ઉપરવટ છે.

3. મંત્રીઓએ ત્રણ ઐતિહાસિક મહા ઘટનાઓ- બાંગ્લાબંધુ શેખ મુજીબુર રેહમાનની જન્મ શતાબ્દી; બાંગ્લાદેશની પચાસમી સ્વતંત્રતા વર્ષગાંઠ અને ભારત-બાંગ્લાદેશ જોડાણોની સુવર્ણ વર્ષગાંઠને સંયુક્ત રીતે યાદગાર બનાવવા ભારતનાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન એમ બન્નેની 2021 માં બાંગ્લાદેશની અભૂતપૂર્વ મુલાકાતો દ્વારા દ્વિપક્ષીય જોડાણો વધુ મજબૂત બનાવવાનું સ્વાગત કર્યું હતું.

4. દ્વિપક્ષીય અને પ્રાંતિય સહકાર માટે આદર્શ નમૂનારૂપ, મંત્રીઓએ બન્ને દેશો વચ્ચે રહેલા વિશ્વાસ અને પરસ્પર આદરની પ્રશંસા કરી હતી જે દાયકામાં બન્ને દેશો વચ્ચે વધ્યા છે. આનું તાજેતરનું ઉદાહરણ બાંગ્લાબંધુ શેખ મુજીબુર રેહમાન પર સંયુક્ત રીતે નિર્મીત જીવનકથા ‘મુજીબ - રાષ્ટ્રનું નિર્માણ’ નું કેન્સ ફિલ્મ ફેસ્ટિવલ ખાતે મે 2022 માં લોન્ચ કરવામાં આવ્યું હતું તે છે.

5. અગાઉનું સંસ્કરણ 2020 માં વર્ચ્યુઅલી યોજવામાં આવ્યું હતું તે સાથે કોવિડ-19 નાં પ્રારંભ બાદ આ પ્રથમ વખત રૂબરૂમાં JCC મીટિંગ યોજવામાં આવી રહી હોવાની નોંધ લેતા, બન્ને મંત્રીઓએ કોવિડ-19 નો સામનો કરવા માટે બન્ને દેશોએ કરેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. મંત્રીઓએ ડીસેમ્બર 2021 માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુલાકાત, માર્ચ 2021 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત, ડીસેમ્બર 2020 માં બન્ને દેશોનાં વડાપ્રધાનો વચ્ચેનાં વર્ચ્યુઅલ શિખર સંમેલન, તેમજ સપ્ટેમ્બર 2020 માં છેલ્લી JCC ની વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોનાં અમલીકરણ સહિત પ્રવર્તમાન સહકારનાં તમામ ક્ષેત્રોની વ્યાપક સમીક્ષા કરી હતી.

6. મંત્રીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે કોવિડ-19 મહામારીએ ઉભા કરેલા પડકારો હોવા છતા પણ, બન્ને દેશોએ સુરક્ષા અને સીમા વ્યવસ્થાપન થી પારસ્પરિક લાભદાયી વ્યાપાર અને રોકાણનાં પ્રવાહો, તેમજ સુધારેલ

દ્વિપક્ષીય અને પેટા-પ્રાંતિય બહુસ્થિતીકીય કનેક્ટિવિટી, વધારે પ્રમાણમાં પાવર અને ઊર્જા સહકાર, વિકાસાત્મક સહાયતા અને ક્ષમતા નિર્માણનાં આદાન-પ્રદાનો, સાંસ્કૃતિક અને લોકોનાં પરસ્પરનાં જોડાણોનાં દરેક ક્ષેત્રોમાં પહેલા કરતા વધારે નિકટતાથી કામ કર્યું છે. બન્ને મંત્રીઓ સામાન્ય નદીઓ અને જળ સંસાધનોનાં વ્યવસ્થાપન, આઇટી અને સાયબર સુરક્ષા, પુનઃપ્રાપ્ય ઊર્જા, કૃષિ અને અન્ન સુરક્ષા, ટકાઉ વ્યાપાર, આબોહવાનો ફેરફાર અને આપત્તિ વ્યવસ્થાપનનાં ક્ષેત્રોમાં વધારે ગહનતા અને સહકાર મજબૂત કરવા નિકટતાથી સાથે કામ કરવા સંમત થયા હતા.

7. બન્ને મંત્રીઓએ પ્રશંસા કરી હતી કે ઉચ્ચ-સ્તરીય મુલાકાતો ઉપરાંત, બહુવિધા દ્વિપક્ષીય યંત્રણાઓ મારફત વ્યાપક સામેલગીરીઓ ચાલું છે અને નવીન જુસ્સા અને નિયમિતતા સાથે વધારે ભાગીદારી-નિર્માણનાં પ્રયાસો કરવા સંમત થયા હતા. આ સંબંધમાં, બન્ને મંત્રીઓએ સંબોધવાનાં મુદ્દાઓ પર વધારે ધ્યાન આપવા અને બન્ને દેશનાં લોકોનાં પારસ્પરિક ફાયદા માટે ટકાઉ નિરાકરણો શોધવા સાથે સહકારમાં વેગ લાવવા તેઓનાં અધિકારીઓને કાર્યની સોંપણી કરી હતી.

8. બન્ને પક્ષોએ હાલમાં બાંગ્લાદેશમાં આશ્રય આપવામાં આવી રહ્યો છે તેવા મ્યાનમારનાં રાખાઇન સ્ટેટનાં બળપૂર્વક વિસ્થાપિત કરવામાં આવેલા લોકોનાં સુરક્ષિત, ઝડપી અને ટકાઉ પરત ફરવાની અગત્યતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

9. બન્ને દેશો વચ્ચે અદ્ભૂત દ્વિપક્ષીય જોડાણો હોવાની બાબતનો સ્વિકાર કરતા, બન્ને મંત્રીઓએ નેતાઓનાં નિર્ણયોનો ઝડપી અમલ કરવા અને દ્વિપક્ષીય સહકારનાં તમામ ક્ષેત્રોમાં પારસ્પરિક જોડાણ વધારે ગહન કરવા અને મજબૂત કરવા નિકટનાં સહકારનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

10. નવી દિલ્હીની તેઓની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી મોમેન ઉપ રાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ અને ભારત સરકારનાં અન્ય મહાનુભાવોની શુભેચ્છા મુલાકાત પણ લેશે.

11. બાંગ્લાદેશમાં 2023 માં ભારત-બાંગ્લાદેશ JCC નો 8મો રાઉન્ડ યોજવામાં આવશે તેવી સંમતિ થઇ હતી.

**નવી દિલ્હી**
**19 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.